રાજય એકતા સમિતિ/ જિલ્લા એકતા સમિતિ / શહેર એકતા સમિતિ/મહોલ્લા સમિતિની રચના બાબત.

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક: વિ-૨/કમબ/૧૩૨૦૧૫/ ૬૨૦

સચિવાલય, ગાંધીનગર

તારીખ: **06/02/ 2016.**

વંચાણમાં લીધા:-

(૧) ગૃહ વિભાગની તા.૨૫-૬-૧૯૭૧ની યાદી ક્ર.એસબી-૩/સીઓએમ/૪૦૭૦/૪૪૯

(૨) ગૃહ વિભાગની તા.૩૦-૪-૭૭ની યાદી ક્ર.એસબી-૨/સીઓએમ/૪૦૭૪/૨૧૨૫

(૩) ગૃહ વિભાગની તા.૨૫-૬-૮૧ની યાદી ક્ર.એસબી-૨/સીઓએમ/૧૦૮૧/૧૧૯૬

(૪) ગૃહ વિભાગનો તા. ૧૦/૦૯/૧૯૮૬નો ઠરાવ ક્રમાંક: વિ-૨/સી.ઓ.એમ.-૧૦૮૬ /જી.ઓ.આઇ-૩૨૫

(૫) ગૃહ વિભાગનો તા. ૨૦/૦૪/૧૯૮૭નો ઠરાવ ક્રમાંક: વિ-૨/સી.ઓ.એમ.-૧૦૮૬/જી.ઓ.આઈ.૩૨૫

(૬) ગૃહ વિભાગનો તા. ૦૨/૦૪/૧૯૮૭નો પરીપત્ર ક્રમાંક: વિ-૨/કમપ-૧૦૮૬-૧૦૦૦૯

(૭) ગૃહ વિભાગનો તા. ૦૩/૧૨/૧૯૯૦નો ઠરાવ ક્રમાંક: વિ-૨/કમપ/૧૦૯૦/એમ.- ૪૮

(૮) ગૃહ વિભાગની તા.૮-૫-૧૯૯૦ની યાદી ક્ર.એસબી-૨/સીઓએમ/૧૦૮૬/૧૦૦૦૯

(૯) ગૃહ વિભાગની તા. ૦૯/૦૯/૧૯૯૨ની યાદી ક્ર. વિ૨/કમપ/૧૦૯૧/૫૪૬૮

ઠરાવ:-

રાષ્ટ્રીય એકતા અને અખંડીતતા જળવાઈ રહે તે માટે માર્ગદર્શક સૂચનો કરવા અને કોમવાદ, જ્ઞાતિવાદ અને પ્રાદેશિકતાવાદ જેવા અનિષ્ટોને નાબૂદ કરવાના ઉપાયો સૂચવવા ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય એકતા પરીષદની રચના કરવામાં આવેલ છે.

આ પ્રમાણે રાજય કક્ષાએ પણ આ જ હેતુઓ માટે એટલે કે, રાષ્ટ્રીય એકતા અને અખંડીતતાના સંવર્ધન, સમગ્ર રાજયમાં શાંતિ, એકતા અને સદ્‌ભાવના દ્વારા કોમવાદ, જ્ઞાતિવાદ અને પ્રાદેશિકતાવાદ જેવા વલણોને મૂળમાંથી નાબૂદ કરવા અને રાજયમાં શાંતિ, એકતા અને સદ્‌ભાવનાને વધુ બળવત્તર બનાવવા માટે રાજય એકતા સમિતિની રચવામાં આવેલ છે.

આજ રીતે રાજયમાં કોમી એકતા અને એખલાસભર્યુ વાતાવરણ જાળવી રાખવા, કોમી બનાવોને નિવારવા માટે તેમજ કોમી તંગદિલી નિવારવામાં ઉપયોગી થાય તે સારુ રાજયના દરેક જિલ્લાઓમાં કાયમી રીતે જિલ્લા એકતા સમિતિ, રાજયના કોમી રીતે સંવેદનશીલ શહેરોમાં શહેર એકતા સમિતિ અને રાજયના અન્ય શહેરોમાં પણ શહેર એકતા સમિતિ, તથા સમગ્ર રાજયમાં કોમી એખલાસની જાળવણી માટે કાયમી ધોરણે મહોલ્લા સમિતિની રચના કરવાની, તેમજ આવી સમિતિઓનું માળખું, સભ્યસંખ્યા, કાર્યક્ષેત્ર, સમિતિની મુદ્દત વિગેરે બાબતોમાં સરકાર તરફથી ઉપર નિર્દિષ્ટ ગૃહ વિભાગની યાદી અને પરિપત્રો અન્વયે સમયાંતરે સર્વે સંબંધીતોને જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે.

**૨.** હવે રાજયમાં નવા જિલ્લાઓ તથા તાલુકાઓ, નગરપાલિકાઓની નવરચના કરવામાં આવેલ હોઇ, સમગ્ર પરિસ્થિતિને ધ્યાને રાખીને આ વિવિધ સમિતિઓની પુર્નરચના, માળખું અને કાર્યક્ષેત્ર પુન:નિર્ધારિત કરવાની બાબત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી. તદ્અનુસાર પુખ્ત વિચારણાને અંતે રાજય કક્ષાએ રાજય એકતા સમિતિ, જિલ્લા કક્ષાએ જિલ્લા એકતા સમિતિ તથા રાજયના નાના-મોટા શહેરોમાં શહેર એકતા સમિતિ અને મહોલ્લા સમિતિના માળખામાં ફેરફારો કરી, આ સમિતિઓનું માળખું તથા કાર્યક્ષેત્ર આથી નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.

(૧) રાજય કક્ષાની રાજય એકતા સમિતિ:-

(૧) મુખ્યમંત્રીશ્રી — અધ્યક્ષશ્રી

(૨) રાજય કક્ષાના મંત્રીશ્રી(ગૃહ)

(૩) મંત્રીશ્રી – સામાજિક ન્યાય અને અધિકારીતા

(૪) મંત્રીશ્રી – શિક્ષણ

(૫) રા.ક.મંત્રીશ્રી, કાયદા

(૬) વિરોધપક્ષના નેતાશ્રી

(૭) અધ્યક્ષશ્રી "સેવા" સંસ્થા અમદાવાદ

(૮) અને (૯) રાજયના પૂર્વ ભાગમાં આવેલા જિલ્લાઓમાંથી એક ધારાસભ્ય તથા એક સંસદસભ્ય.

(૧૦) અને (૧૧) રાજયના પશ્ચિમ ભાગમાં આવેલા જિલ્લાઓમાંથી એક ધારાસભ્ય તથા એક સંસદસભ્ય.

(૧૨) અને (૧૩) રાજયના ઉત્તર ભાગમાં આવેલા જિલ્લાઓમાંથી એક ધારાસભ્ય તથા એક સંસદસભ્ય.

(૧૪) અને (૧૫) રાજયના દક્ષિણ ભાગમાં આવેલા જિલ્લાઓમાંથી એક ધારાસભ્ય તથા એક સંસદસભ્ય.

(૧૬) અને (૧૭) રાજયના મધ્ય ભાગમાં આવેલ જિલ્લાઓમાંથી એક ધારાસભ્ય અને એક સંસદ સભ્ય.

(૧૮) અને (૧૯) **NSUI** અને **ABVP**ના એક એક પ્રતિનિધિ.

(૨૦) ચેરમેનશ્રી, રાજય મહિલા આયોગ.

(૨૧) ઉપાધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય મહિલા સુરક્ષા સમિતિ.

(૨૨) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ.

(૨૩) પ્રમુખશ્રી, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ.

(૨૪) પ્રમુખશ્રી, સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ.

(૨૫) પ્રમુખશ્રી, મધ્ય ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ.

(૨૬) પ્રમુખશ્રી, દક્ષિણ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ.

(૨૭) તંત્રીશ્રી, ગુજરાત સમાચાર, અમદાવાદ.

(૨૮) તંત્રીશ્રી, સંદેશ, અમદાવાદ.

(૨૯) તંત્રીશ્રી, દિવ્ય ભાસ્કર , અમદાવાદ.

(૩૦) તંત્રીશ્રી, જનસત્તા – અમદાવાદ.

(૩૧) તંત્રીશ્રી, ગુજરાત મિત્ર, નવગુજરાત સમય, ટાઈમ્સ ઓફ ઈન્ડીયા – અમદાવાદ.

(૩૨) તંત્રીશ્રી, ફુલછાબ, રાજકોટ.

(33) તંત્રીશ્રી, કચ્છમિત્ર, ભૂજ.

(૩૪) તંત્રીશ્રી, ગુજરાત મિત્ર, સૂરત.

(૩૫) મેયરશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન.

(૩૬) મેયરશ્રી, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન.

(૩૭) મેયરશ્રી, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન.

(૩૮) મેયરશ્રી, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન.

(૩૯) મેયરશ્રી, જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન.

(૪૦) મેયરશ્રી, ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન.

(૪૧) મેયરશ્રી, જુનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન .

(૪૨) મેયરશ્રી, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન.

(૪૩) અને (૪૪) બે પ્રતિષ્ઠિત એડવોકેટ,

(૪૫) થી (૪૭) ત્રણેક જેટલા ધાર્મિક સંસ્થાના આગેવાનો.

(૪૮) મુખ્ય સચિવશ્રી.

(૪૯) અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ)/અગ્રસચિવશ્રી (ગૃહ) /સચિવશ્રી (ગૃહ).

(૫૦) સચિવશ્રી / અગ્ર સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ.

(૫૧) સચિવશ્રી / અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

(૫૨) સચિવશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગ.

(૫૩) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય .ગાંધીનગર.

(૫૪) પોલીસ મહાનિદેશકશ્રી / અધિક પોલીસ મહાનિદેશકશ્રી (કા.વ્ય.) **સભ્યસચિવ.**

(૫૫) પોલીસ મહાનિદેશકશ્રી / અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.).

(૫૬) અધિક પોલીસ મહાનિદેશકશ્રી ( સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વેઝ).

(૫૭) થી (૬૦) અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટના પોલીસ કમિશ્નરશ્રી.

(૬૧) થી (૬૩) ત્રણ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી

ઉપર ક્રમ (૮)થી (૧૭ ), (૪૩) થી (૪૭) તથા ક્રમ (૬૧) થી (૬૩)આગળની નિમણૂકો સરકાર કક્ષાએ મંજૂરી મેળવીને કરવાની રહેશે.

આ સમિતિએ રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા જળવાઈ રહે તે માટે માર્ગદર્શક સૂચનો કરવા અને કોમવાદ, જ્ઞાતિવાદ અને પ્રાદેશિકતાવાદ જેવા અનિષ્ઠોને નાબુદ કરવાના ઉપાયો સૂચવવાના રહેશે.

## (૨) જિલ્લા એકતા સમિતિ તથા શહેર એકતા સમિતિ:-

રાષ્ટ્રીય એકતા સમિતિએ સૂચવ્યા મુજબ આ જિલ્લા એકતા સમિતિ તથા શહેર એકતા સમિતિ કોમી સદ્દભાવ બનાવી રાખવા માટે સતત કાર્યશીલ રહેશે. સ્વૈચ્છિક સંસ્થાઓના સહકારમાં રહીને આ સમિતિ કોમી તંગદિલી નિવારવા માટેના પ્રયાસો કરશે અને તે સારું જિલ્લા સત્તાવાળાઓ / શહેર સત્તાવાળાઓની મદદમાં રહીને વિવિધ કોમો / જૂથો વચ્ચે સદ્દભાવના જાળવવાની કામગીરી કરશે. તદ્દઉપરાંત વિવિધ કોમોના ધાર્મિક તહેવાર શાંતિપુર્ણ રીતે તથા સમૂહમાં ઉજવાય તે સારું વિવિધ કોમોના અગ્રણીઓ સાથે ચર્ચા વિચારણા કરી આવી ઉજવણી માટે જિલ્લા/શહેર સત્તાવાળાઓને મદદરૂપ બનશે. સમિતિનું કાર્યક્ષેત્ર સંબંધિત જિલ્લા / શહેર પુરતું મર્યાદિત રહેશે.

## (ક) જિલ્લા એકતા સમિતિની રચના / માળખું

રાજયના દરેક જિલ્લાઓમાં જિલ્લા દીઠ જિલ્લા એકતા સમિતિની રચના કરવામાં આવશે. જેના સરકારી તથા બિનસરકારી સભ્યો નીચે મુજબ રહેશે.

સરકારી સભ્યો

(૧) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ........................................................ અધ્યક્ષ

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ............................................. સભ્ય

(૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ............................................... સભ્ય

(૪) જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, ............................................. સભ્ય

(૫) અધિક નિવાસી કલેકટર, .................................................... સભ્યસચિવ

બિનસરકારી સભ્યો

(૧) જિલ્લાના સંસદસભ્ય, ........................................................ સભ્ય

(૨) જિલ્લાના ધારાસભ્યો(વધુમાં વધુ ૩) ................................. સભ્ય

(૩) જિલ્લા પંચાયતના પ્રમુખ..................................................... સભ્ય

(૪) અન્ય નીચે જણાવ્યા મુજબના ૧૦ બિનસરકારી સભ્યો:-

- અગ્રગણ્ય નાગરિક-2
- અનુસુચિત જાતિના સભ્ય
- અનુસુચિત જનજાતિના સભ્ય
- મહિલા સભ્ય
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના સભ્ય
- લઘુમતી કોમના સભ્ય
- ટ્રેડ યુનિયનના કાર્યકર
- ગ્રાહક સુરક્ષા સમિતિના સભ્ય
- પત્રકાર

જિલ્લા મેજીસ્ટ્રટશ્રીએ આ બિનસરકારી સભ્યોની નિમણૂકો અંગેની દરખાસ્ત ગૃહ વિભાગને મોકલી આપવાની રહેશે અને ગૃહ વિભાગે તે બાબતે પ્રભારી મંત્રીશ્રી મારફતે રાજ્ય સરકારની મંજૂરી મેળવીને, તે અંગે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીને ઘટતી જાણ કરવાની રહેશે અને તદ્અનુસાર જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ બિનસરકારી સભ્યોની નિમણૂક કરવાની રહેશે.

## (ખ) શહેર એકતા સમિતિ :

(૧) રાજયના અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, જામનગર, ભાવનગર, જુનાગઢ અને ગાંધીનગર શહેરો કે જયાં મ્યુનિસિપલ કોર્પોરેશન છે ત્યાં નીચે મુજબના સરકારી તથા બિનસરકારી સભ્યોની બનેલ શહેર એકતા સમિતિની રચના કરવાની રહેશે.

સરકારી સભ્યો

(૧) મેયરશ્રી,............................................................................ અધ્યક્ષશ્રી

(૨) ડેપ્યુટી મેયરશ્રી,................................................................. નાયબ અધ્યક્ષશ્રી

(૩) મ્યુનિસિપલ કમિશનરશ્રી, ..................................................... સભ્ય

(૪) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી,.............................................................. સભ્ય

(૫) પોલીસ કમિશ્નરશ્રી અથવા સંબંધીત જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ................ સભ્ય

(૬) સંયુકત/નાયબ પોલીસ કમિશનરશ્રી (મુખ્ય મથક) અથવા સંબંધીત નાયબ પોલીસ અધિકારીશ્રી(મુખ્ય મથક) ................................................ સભ્યસચિવ

ફકત અમદાવાદ શહેર માટે :

(૬) કમાન્ડન્ટ જનરલ, હોમગાર્ડ, ................................................ સભ્ય

(૭) સંયુકત પોલીસ કમિશ્નરશ્રી /નાયબ પોલીસ કમિશ્નરશ્રી (મુખ્ય મથક) ...... સભ્ય

(૮) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (વિશેષ- શાખા) ................................ સભ્ય સચિવ

બિનસરકારી સભ્યો

(૧) સ્થાનિક સંસદ સભ્ય................................................ સભ્ય

(૨) સ્થાનિક ધારાસભ્યો( વધુમાં વધુ ૩) ........................................ સભ્ય

(૩) અન્ય નીચે જણાવ્યા મુજબના ૧૦ બિનસરકારી સભ્યો:-

- અગ્રગણ્ય નાગરિક-2
- અનુસુચિત જાતિના સભ્ય
- અનુસુચિત જનજાતિના સભ્ય
- મહિલા સભ્ય
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના સભ્ય
- લઘુમતી કોમના સભ્ય
- ટ્રેડ યુનિયનના કાર્યકર
- ગ્રાહક સુરક્ષા સમિતિના સભ્ય
- પત્રકાર

ઉક્ત શહેરો પૈકી જ્યાં પોલીસ કમિશ્નર છે તે શહેરોમાં પોલીસ કમિશ્નરશ્રીએ તથા બાકીના શહેરોમાં જિલ્લા મેજીસ્ટ્રટશ્રીએ આ બિનસરકારી સભ્યોની નિમણૂકો અંગેની દરખાસ્ત ગૃહ વિભાગને મોકલી આપવાની રહેશે અને ગૃહ વિભાગે તે બાબતે પ્રભારી મંત્રીશ્રી મારફતે સરકારશ્રીની મંજૂરી મેળવીને, તે અંગે પોલીસ કમિશ્નરશ્રી /જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીને ઘટતી જાણ કરવાની રહેશે અને તદ્અનુસાર પોલીસ કમિશ્નરશ્રી/ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ બિનસરકારી સભ્યોની નિમણૂક કરવાની રહેશે.

**(ગ) અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, જામનગર, ભાવનગર, જુનાગઢ અને ગાંધીનગર સિવાયના રાજ્યના નગરપાલિકા વિસ્તારના અન્ય શહેરોમાં શહેર એકતા સમિતિની રચના નીચે મુજબ કરવાની રહેશે.**

સરકારી સભ્યો

(૧) સંબંધીત સબડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી ................................ અધ્યક્ષ

(૨) સંબંધીત નાયબ પોલીસ અધિક્ષકશ્રી ........................................ સભ્ય

(૩) સંબંધીત એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી................................................ સભ્ય સચિવ

(૪) ચીફ ઓફીસર નગર પાલિકા................................................ સભ્ય

બિનસરકારી સભ્યો

(૧) સ્થાનિક સંસદ સભ્ય........................................................... સભ્ય

(૨) સ્થાનિક ધારાસભ્ય........................................................... સભ્ય

(૩) નગરપાલિકા પ્રમુખ........................................................... સભ્ય

(૪) તાલુકા પંચાયત પ્રમુખ........................................................... સભ્ય

(૫) અન્ય નીચે જણાવ્યા મુજબના ૧૦ બિનસરકારી સભ્યો:-

- અગ્રગણ્ય નાગરિક-2
- અનુસુચિત જાતિના સભ્ય
- અનુસુચિત જનજાતિના સભ્ય
- મહિલા સભ્ય
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના સભ્ય
- લઘુમતી કોમના સભ્ય
- ટ્રેડ યુનિયનના કાર્યકર
- ગ્રાહક સુરક્ષા સમિતિના સભ્ય
- પત્રકાર

જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ આ બિનસરકારી સભ્યોની નિમણૂકો અંગેની દરખાસ્ત ગૃહ વિભાગને મોકલી આપવાની રહેશે અને ગૃહ વિભાગે તે બાબતે પ્રભારી મંત્રીશ્રી મારફતે રાજ્ય સરકારની મંજૂરી મેળવીને તે અંગે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીને ઘટતી જાણ કરવાની રહેશે અને તદ્અનુસાર જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ બિનસરકારી સભ્યોની નિમણૂક કરવાની રહેશે.

અંકલેશ્વર, જંબુસર, પાદરા, પાટડી, (સુરેન્દ્રનગર) તથા અન્ય કોમી રીતે સંવેદનશીલ શહેર/નગરમાં જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીને જરુર જણાય ત્યારે તેઓ આ એકતા સમિતિના અધ્યક્ષ તરીકે અને સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, નાયબ અધ્યક્ષ તરીકેની કામગીરી બજાવશે.

3. મહોલ્લા સમિતિ :

સરકારી સભ્યો :-

(૧) એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ........................................................... અધ્યક્ષ

(૨) સરકારી શાળાના મુખ્ય શિક્ષકશ્રી, ........................................................... સભ્ય

(૩) સંબંધિત પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરશ્રી........................................... સભ્ય-સચિવ

બિન સરકારી સભ્યો :-

(૧) સ્થાનિક સ્વરાજની સંસ્થાના ચૂંટાયેલ પ્રતિનિધિ, ........................................ સભ્ય

(કોર્પોરેટર/ નગર પાલિકાના ચૂંટાયેલ સભ્ય)

(૨) પ્રતિષ્ઠિત ડોકટર, ........................................................... સભ્ય

(૩) પ્રતિષ્ઠિત સામાજિક/રાજકીય કાર્યકર........................................... સભ્ય

(૪) અન્ય જે તે વિસ્તારના નીચે જણાવ્યા મુજબના ૭ બિનસરકારી સભ્યો:-

- અગ્રગણ્ય નાગરિક-૨

- અનુસુચિત જાતિના સભ્ય

- અનુસુચિત જનજાતિના સભ્ય

- મહિલા સભ્ય

- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના સભ્ય

- લઘુમતી કોમના સભ્ય

એક્ઝ્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ આ બિનસરકારી સભ્યોની નિમણૂકો અંગેની દરખાસ્ત સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રીને મોકલી આપવાની રહેશે અને તેમની મંજૂરી મળ્યા બાદ તેમની નિમણૂંક અંગેના હુકમો કરવાના રહેશે.

**૩.** આ દરેક સમિતિના બિનસરકારી સભ્યોની મુદત બે વર્ષની રહેશે. સમિતિની બેઠક સભ્ય સચિવશ્રીએ વર્ષમાં એક વખત ફરજીયાત પણે તથા સમિતિના અધ્યક્ષશ્રીને જરૂર જણાયે ત્યારે વધુ વખત પણ બેઠક બોલાવી શકશે. સમિતિના નિમાયેલ બિનસરકારી સભ્યો રાજીનામું આપવા ઈચ્છતા હોય તો સમિતિના સભ્ય સચિવશ્રીને લેખિત રાજીનામું આપી શકશે અને અધ્યક્ષશ્રી આ રાજીનામું મંજુર કરી શકશે.

૪. ઉપરોક્ત સમિતિઓ પૈકી **રાજય એકતા સમિતિ, જિલ્લા એકતા સમિતિ તથા શહેર એકતા સમિતિના** બિનસરકારી સભ્યોને સમિતિની બેઠકમાં આવવા- જવા અંગે માંગણી કર્યેથી મુસાફરી ભથ્થું તથા દૈનિક ભથ્થું, રાજય સરકારના વર્ગ – ૧ના અધિકારીને મળવાપાત્ર દર મુજબ ચૂકવવાનું રહેશે અને જે તે સમિતિના સભ્ય સચિવશ્રી દ્વારા તેમના પોલીસ તથા મહેસૂલ ખાતાના બજેટ હેઠળ ઉધારવાનું રહેશે. આ સમિતિઓ અંગેનો થનાર ખર્ચ, સમિતિના સભ્ય સચિવશ્રીએ તેઓની કચેરીના વહીવટી ખર્ચ અંગે મળતી ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે. આ હુકમો તા.૨૯/૦૧/૨૦૧૬ના સરકારશ્રીની સરખા ક્રમાંકની ફાઈલ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સંજય પંડયા)
ઊપસચિવ(કા.વ્ય.-૧)
ગૃહ વિભાગ

પ્રતિ,

* પરમ સન્માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા ).
* માનનીય મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી.
* માન. રાજય કક્ષાના મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી.
* માન. મંત્રીશ્રી,સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી.
* માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી.

* માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, કાયદાના અંગત સચિવશ્રી.
* માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
* સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
* એ.જી.શ્રી, અમદાવાદ
* એ.જી.શ્રી (ઓડિટ), અમદાવાદ / રાજકોટ
* અધિક મુખ્યસચિવશ્રી(ગૃહ) / સચિવશ્રી(ગૃહ)
* સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ.
* ઉપાધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય મહિલા સુરક્ષા સમિતિ,
* અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
* સચિવશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગ.
* સચિવશ્રી, શિક્ષણ વિભાગ.
* પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
* પોલીસ મહાનિદેશક/ અધિક પોલીસ મહાનિદેશકશ્રી (કા.વ્ય.) / (ઈન્ટે.) / સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વેઝ.
* પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ, સુરત, વડોદરા, અને રાજકોટ.
* સર્વે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓ.
* રાજયના સર્વે મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયરશ્રીઓ.
* સમિતિના સર્વે સભ્યશ્રીઓ.
* પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/ગાંધીનગર.
* "આર" શાખા, ગૃહ વિભાગ, સચિવાલય.
* ગૃહ વિભાગની સર્વે શાખાઓ.
* સચિવાલયના સર્વે વિભાગો.
* સિલેકટ ફાઈલ.